જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૧૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૬૪૫ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૪૪,૩૧૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૬૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૧૬૮/૨૦૨૫**

સાબરમતીઃ સાબરમતી ડી કેબીન કૈટલ્ચ ફલેટની બાજુમાં કાચા છાપરામાં રહેતા અને કડીયાકામની મજુરી કામ કરતા કલસિંગ ગેંદાભાઈ ગરાસીયા (ઉ.વ.૪૫) (મુળ વતન. ગામ–હાડી તા–ગાગડતલાઈ જી–બાસવાડા રાજસ્થાન) તા.૧૭/૦૮/૨૦૨૫ કલાક ૧૧/૧૫ વાગ્યાના સુમારે ન્યુ રાણીપ ચેનપુર બસ સ્ટેશન સામે અક્ષર પાર્ક સોસાયટી ખાતે બીજા માળે કડીયાકામ કરતાં હતા ત્યારે પગ લપસી જતા બીજા માળથી નીચે પડતાં ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલ ખાતે લઈ જતાં ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ડી.આર.પટેલ ચલાવે છે.

વાડજઃ સોનાજી ગંભીરજી ઠાકોર (ઉ.વ.૭૨) (રહે. ખોડીયારનગર સોસાયટી પરમસુખ સોસાયટીની બાજુમાં રાણીપ) તા.૧૪/૦૮/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે નવાવાડજ એ.એમ.ટી.એસ.બસમાં હેન્ડલ પકડી ઉભા હતા દરમ્યાન હેન્ડલ તુટી જતા ચાલુ બસમાંથી બહાર પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૭/૦૮/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગે તેમમું મૃત્યું નિપજયું હતું. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગીરીશભાઈ શિવાભાઈ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ પૂજા ડો/ઓ ગોવીન્દ્ર વાદી (ઉ.વ.૧૯) (રહે. રીધ્ધી સીધ્ધી રો–હાઉસ, ૧૦ કે.એન.પટેલ સ્કૂલ પાછળ જગતપુર રેલવે ક્રોસીંગ પાસે ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૮/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.મિસ્ત્રી ચલાવે છે.

ઈસનપુરઃ નયનાબહેન વા/ઓ તુષારભાઈ મકવાણા (ઉ.વ.૩૫) (રહે. રામવાડી ટેકરા વિભાગ–૦૧ ઘોડાસર ઈસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૫ કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જી.ચારણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી